સંક્ષિપ્ત સમાચાર

સર્વોદય બેંકની જહાંગીરાબાદ શાખાનો પ્રારંભ કરાયો

સુરતઃ શહેરની અગ્રગણ્ય ધી સર્વોદય સહકારી બેન્ક લિ.ની જહાંગીરાબાદ શાખાનો શુભારંભ શ્રેષ્ઠી પંકજભાઈ કાપડીયાનાં હસ્તે કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહ્યા હતા. ૧૯૮૨માં સ્થાપાયેલી આ બેન્કનો કુલ બિઝનેસ રૂ.૧૫૯૦ કરોડ છે. શુભારંભ પ્રસંગે ચેરમેન યોગેશ પરીખ, વાઈસ ચેરમેન ધીરેન શાહ, મધુસુદન કતારગામવાલા, કનુભાઈ શાહ હાજર રહ્યા હતા.

કિમની ધન્વંતરી ફાર્મસી કોલેજમાં પ્લેમેન્ટ ડ્રાઈવ અને કેરીયર ગાઈડન્સના કાર્યક્રમો યોજાયા

સુરતઃ પન્વંતરી ફાર્મસી કોલેજ, કિમના કેમ્પસમાં ગત તા.4 એપ્રિલના રોજ ન્યુટ્રિકોર બાયોસાયન્સ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ગત તા.24મીના માર્ચના રોજ B.Pharm બાદ વિદેશી યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે કેરીયર ગાઈડન્સ એન્ડ કાઉન્સેલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ પક્રિયામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર અને શિસ્તબદ્ધ રીતે ભાગ લીધો હતો. જ્યારે કેરીયર ગાઈડન્સમાં વિદેશી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ વિવિધ પોસ્ટગ્રેજ્યુએટમાં વિવિધ દેશોમાં ચાલતા ઉચ્ચ અભ્યાસક્રમોની માહિતી આપી હતી. આ બંને કાર્યક્રમોનું આયોજન પ્લેસમેન્ટ કમિટી દ્વારા કરાયું હતું. જેમાં ડો. આનંદ એસ. દેશમુખ, શ્રીમતી હર્ષવા પાટીલ અને બધ્ય પારિયા સામેલ હતા.

સંસ્કાર ભારતી વિદ્યાલયમાં કોન્વોકેશન સેરેમનીનું આયોજન

સુરતઃ રાંદેર રોડ સ્થિત સંસ્કાર ભારતી વિદ્યાલયના બાળભવનના ગુજરાતી માધ્યમમાં સીનિયર કે.જીના બાળકો માટે "Convocation ceremony"નું આયોજન કરવામાં આવ્યું હતું. નાનકડા પગલાંથી શરૂ થયેલી સફર હવે મોટા સપનાઓ તરફ આગળ વધી રહી છે. પ્રથમ પગલે મુકાયેલું આ પગલું સફળતાની લાંબી સફરનો આરંભ છે. સીનિયર કે.જી માંથી પ્રાથમિક વિભાગમાં જનારા દરેક બાળકોને તેમના માતા-પિતાની હાજરીમાં મંચ પરથી પદવી એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જુનિયર કે.જીના બાળકોના વેલકમ ડાન્સ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મહેમાન ડો. નયનાબેન વરીયાના વરદ હસ્તે પદવી એનાયત કરવામાં આવી હતી. બાળકોને પ્રાથમિક વિભાગમાં આવકારતા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

એન્જેલિક પાવર ફાઉન્ડેશન દ્વારા શેરડી ગામમાં 12મીએ હેલ્થ કેમ્પ યોજાશે

સુરતઃ એન્જેલિક પાવર ફાઉન્ડેશન સુરત આયોજીત ઓલપાડ તાલુકાના શેરડી ગામની પ્રાથમિક શાળામાં હેલ્થકેમ્પનું આયોજન આગામી તા. 12મી એપ્રિલ 2026ના રવિવારે સવારે 10થી બપોરે 2 સુધી કરવામાં આવ્યું છે. જેમાં ડેન્ટલ કેમ્પ (ડો. પ્રણય ઠક્કર), ન્યુરોથેરાપી કેમ્પ (ડો.મુકેશ પટેલ) અને ફિઝીયોથેરાપી કેમ્પ (ડો. પૂજા પટેલ) તેમજ આઈ ચેકઅપ કેમ્પ (સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર) કરવામાં આવશે. કેમ્પનો લાભ લેવા માટે શીતલ ઝવેરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

કારિયા પરિવાર દ્વારા આદિવાસી વિસ્તારમાં સહાય

સુરતઃ મગનલાલ જીવનભાઈ કારિયા પરિવાર દ્વારા ધરમપુરના ખડકી ગામે 5 કિલો તુવેરદાળની 300 કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ જ આદિવાસી નિવાસી શાળાના બાળકોને 250 સ્ટેશનરી કીટ ડોક્ટર મુકુંદભાઈ કારિયા,પ્રાધ્યાપક નટુભાઈ કારિયા, જનકભાઈ કારિયા, મુકેશભાઈ, ધવલભાઈ, કૌશિકભાઈ તથા કમલભાઈ સહિત કારિયા પરિવારના સભ્યોએ રૂબરૂ આ વિસ્તારની મુલાકાત લઈને અર્પણ કર્યું હતું. સુરતની સેવાભાવી સંસ્થા જે વર્ષોથી આ વિસ્તારમાં સેવા કાર્ય કરી રહી છે. તેમાં સતત પ્રવૃત્ત ડોક્ટર વિનોદભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ત્યાંના લોકોની જરૂરિયાતને ધ્યાનમાં લઈને વસ્તુઓ કારિયા પરિવાર દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

આજનો માનવ ભ્રમણાના જગતમાં ભૂલો પડ્યો છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ મુંબઈ મલાડ (પૂર્વ) સ્થિત મંછુભાઈ રોડના શ્રી કલ્યાણ કલ્પતરું જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પધરામણી થતાં પૂજ્યોનું બેન્ડ સાથે ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ગુરુભક્તો ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશ બાદ પ્રવચન યોજાયું હતું. પરમ ગુરુ ભક્ત મહેશભાઈ જી. દોશી પરિવારના ત્યાં તેમના પાવન પગલા થયા હતા. ધર્મસભાને સંબોધતા આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સંસારના પરિભ્રમણના મૂળમાં ભ્રમણાઓ છે. આજનો માનવ ભ્રમણાના જગતમાં ભૂલો પડ્યો છે. જ્યાં જે નથી ત્યાં તેની કલ્પના કરવી તે આજના માણસની તાસીર છે. સંસારના કોઈ પણ ક્ષેત્રમાં સુખ નથી છતાં માણસ ઊંધું ઘાલીને મેરેથોન દોડ લગાવી રહ્યો છે. પાણીમાં વલોણું કરવાથી ક્યારે પણ માખણ મળવાનું નથી છતાં માણસ સુખની શોધમાં સર્વત્ર દોડી રહ્યો છે.

ડિંડોલીમાં ભક્તિનો મહાસંગમ, ભજન અને બાવન દત્ત બાવની ધૂનનું ભવ્ય આયોજન

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં શનિવારે ભક્તિમય માહોલ જામશે. મામાદેવ તથા મહાકાળી માતાજી મંદિર સંસ્થાન મિત્ર મંડળ દ્વારા એક ભવ્ય ભજન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક ઉત્સવમાં સુરતના નવાપુરા સ્થિત જાણીતા ગુરુ દત્ત મંડળ' દ્વારા ભજનની રમઝટ બોલાવવામાં આવશે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બાવન દત્ત બાવની ધૂન' રહેશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. આ આયોજન તા. 11-04-2026, શનિવારના રોજ રાત્રે 9:00 કલાકે ડીંડોલી ફાયર સ્ટેશનની બાજુમાં આવેલા મામાદેવ મંદિર ખાતે રાખવામાં આવ્યું છે. આયોજક મંડળ દ્વારા તમામ ભક્તજનોને આ આધ્યાત્મિક લ્હાવો લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સૂર્યા મરાઠી સાથે સંકળાયેલા દિપક કુટેકરનું હવામાં ફાયરિંગ

માત્ર રોફ જમાવવા સિગરેટ પીતા પીતા ફાયરિંગ કર્યું

પોલીસે વિરામનગર પાસેથી ઝડપી લીધો

સુરતઃ વેડરોડ પર કુખ્યાત સૂર્યા મરાઠી ગેંગ સાથે સંકળાયેલા દીપક ઉર્ફે દીપક કુટેકરે ધાક જમાવવા હવામાં ફાયરિંગ કર્યું હતું. દીપક ઉર્ફે દીપક કુટેકરે રોફ જમાવવા માટે સિગરેટનો કસ મારતા મારતા ફાયરિંગ કર્યુ હતું. જેનો વીડિયો પોલીસ સુધી પહોંચી જતા SOG હરકતમાં આવ્યું હતું. પોલીસે વિરામનગર સોસાયટીના ગેટ પાસેથી દીપક કુટેકરને ઝડપી પાડ્યો હતો. તલાશી લેતા તેની કમરના ભાગેથી રૂ. 35,000ની કિંમતની ગેરકાયદે પિસ્તોલ મળી આવી હતી. આરોપી મૂળ મહારાષ્ટ્રનો વતની છે અને હાલ વેડરોડ પર માધવ એપાર્ટમેન્ટમાં રહે છે.

ફાયરિંગનો બદલો લેવા UPથી હથિયાર મંગાવ્યું

પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, વર્ષ 2024માં હિતેશ સોલંકી નામના શખ્સે દીપક પર ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં બચી ગયેલા દીપકે હિતેશને વળતો જવાબ આપવા અને ગેંગમાં પોતાનું વર્ચસ્વ સાબિત કરવા બદલાની આગમાં આ હથિયાર વસાવ્યું હતું. આ પિસ્તોલ મેળવવામાં હાલ જેલમાં બંધ વોન્ટેડ આરોપી રોહિત ઉર્ફે મુન્ના દૂધેની ભૂમિકા બહાર આવી છે.

દિપક કુટેકર સામે 21 ગુના નોંધાયા છે

હવામાં ફાયરિંગ કરનાર આરોપી દીપક કુટેકર સામે અત્યાર સુધીમાં કુલ 21 ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. જેમાં ખૂનની કોશિશ, રાયોટિંગ, એટ્રોસિટી, મારામારી, ફાયરિંગ તથા NDPS એક્ટ હેઠળના કેસોનો સમાવેશ થાય છે. ડીસીપી રાજદીપસિંહ નકુમના જણાવ્યા મુજબ દીપક કુટેકર કુખ્યાત સૂર્યા મરાઠી ગેંગ સાથે સંકળાયેલો છે તેની ચાર વખત પાસા હેઠળ અટકાયત થઇ ચૂકી છે અને એક વખત તેને તડીપાર પણ કરવામાં આવ્યો હતો.

હથિયાર સપ્લાય નેટવર્કની તપાસ શરૂ કરી છે

સુરત પોલીસ હવે માત્ર આરોપીની ધરપકડથી સંતોષ માનતી નથી, પરંતુ હથિયાર સપ્લાયના સમગ્ર નેટવર્ક સુધી પહોંચવા સક્રિય બની છે. ડીસીપી રાજદીપસિંહ નકુમના જણાવ્યા મુજબ પિસ્તોલ ઉત્તર પ્રદેશના કયા સપ્લાયર મારફતે મેળવાઈ હતી અને આ રેકેટમાં અન્ય કોણ-કોણ સંકળાયેલા છે. ઉપરાંત, મુન્ના સિવાય અન્ય મધ્યસ્થીઓની ભૂમિકા પણ ચકાસાઈ રહી છે. હિતેશ સોલંકી કઈ ગેંગ સાથે જોડાયેલો છે અને સમગ્ર કાવતરામાં તેની શું ભૂમિકા છે તેની તપાસ ચાલી રહી છે.

રેલવે SOGએ ટ્રેનમાંથી 5 લાખનો ગાંજા પકડયો

નવજીવન એક્સપ્રેસ ટ્રેનમાંથી ગાંજો બિનવારસી મળી આવ્યો

સુરત : ટ્રેન નં. 12656 નવજીવન એક્સપ્રેસમાં પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન વ્યારા રેલ્વે સ્ટેશનથી ટ્રેન સુરત તરફ આગળ વધી રહી હતી ત્યારે ઉધના રેલ્વે સ્ટેશન આવતા પહેલા જનરલ કોચના કોરિડોરમાં પોલીસને શંકાસ્પદ ત્રણ હાથ થેલીઓ મળી આવી હતી. પોલીસે જ્યારે આ થેલીઓની તપાસ કરતાં તેમાંથી કુલ 10.035 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, તેની બજાર કિંમત અંદાજે રૂપિયા 5,01,750 જેટલી થાય છે. એવું માનવામાં આવી રહ્યું છે કે કોઈ અજાણ્યો ઈસમ આ માદક પદાર્થ પરપ્રાંતમાંથી આર્થિક લાભ મેળવવા માટે લાવ્યો હતો. જોકે, ટ્રેનમાં પોલીસનું સઘન ચેકિંગ જોઈને પકડાઈ જવાની બીકે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમાં મૂકીને નાસી છૂટ્યો હતો. આ મામલે સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમો હેઠળ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પાંચ મહિના પહેલા નશામાં પકડાયેલા આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા

સુરતઃ તા. ૨૯-૧૦-૨૦૨૫નાં રોજ સારોલી પોલીસે દારુનાં નશામાં ધૂત અશ્વિન તુલસેરામ નાગપુરેની સણિયા હેમાદ ગામનાં તળાવ પાસેથી ધરપકડ કરી હતી.આ કેસની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહીમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા કોર્ટે આરોપીની કબુલાત સ્વીકારી આરોપીને ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી-અના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ. ૧૦૦નો દંડ ભરવાનો હુકમ કર્યો હતો અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન-રની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

હનીપાર્ક રોડ પર 15 હજાર માટે ફિલ્મી દ્રશ્યો સર્જાયા

બે જૂથ વચ્ચે બૂટ-ચપ્પલ અને પથ્થરમારાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

પોલીસે એક કિશોરને પકડી લીધો ,બે ઇજાગ્રસ્ત

સુરત : અડાજણના હનીપાર્ક રોડ ઉપર 15 હજાર રૂપિયાની લેતીદેતીમાં બે જૂથો વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. હનીપાર્ક રોડ પર લાકડાના ફટકા અને પથ્થરો ઉછળતા રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. હનીપાર્ક રોડ પર આવેલી સાઈ સ્પોર્ટ્સ દુકાન પાસે શુક્રવારે સાંજે અચાનક 7 થી 8 લોકોનું ટોળું લાકડાના ફટકા સાથે એકબીજા પર તૂટી પડ્યું હતું. બંને પક્ષના શખ્સો કાયદાના ડર વગર જાહેરમાં એકબીજાને પથ્થર, લાકડી અને જે હાથમાં આવ્યું તેનાથી ફટકારી રહ્યા હતા.આ ધિંગાણાને કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને આસપાસના વેપારીઓએ ડરના માર્યા દુકાનોના શટર પાડી દીધા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મુખ્ય આરોપી કાર્તિક ઓમ પ્રકાશ પ્રજાપતિએ ધ્રુવ યાદવ પાસેથી 15,000 રૂપિયા લેવાના હતા. લાંબા સમયથી ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે ગઈકાલે પૈસાની ઉઘરાણી કરવા ગયેલા કાર્તિક અને ધ્રુવ વચ્ચે મામલો ગરમાયો હતો. ઉગ્ર બોલાચાલી બાદ બંને પક્ષે વધુ માણસો બોલાવી લેતા મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. મારામારીમાં ઘવાયેલા બે શખ્સોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસે ધ્રુવ યાદવની ફરિયાદ પરથી કાર્તિક સામે અને ઓમ પ્રકાશ પ્રજાપતિની ફરિયાદ પરથી ધ્રુવ તથા સની આહીર સામે ગુનો દાખલ કર્યો છે. અડાજણ પી.આઈ. ના જણાવ્યા મુજબ, વીડિયોના આધારે એક કિશોરની અટકાયત કરવામાં આવી છે.

મોટાવરાછામાં પાણીની ટાંકીમાં પડી જતા બાળકનું મોત

સુરતઃ મોટાવરાછામાં નવનિર્મિત મકાનના અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડી જતા ત્રણ વર્ષના બાળકનું મોત નિપજ્યું હતું. બાળક રમતા રમતા પાણીની ટાંકીમાં પાડી ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ નેપાળના વતની અને હાલ મોટા વરાછા ખાતે આવેલ ગોપિન વિલામાં રહેતા અજયસિંગ હીરાના કારખાનામાં કામ કરી પત્ની તેમજ બે પુત્રનું ભરણપોષણ કરે છે.

અજયસિંગના બે પુત્ર પૈકી 3 વર્ષનો પુત્ર અંકિતસિંગ આજે સવારે 7 વાગ્યાના સુમારે ઘરની બહાર એકલો રમી રહ્યો હતો. દરમિયાન તે રમતા રમતા ઘરની સામે નવા બંધાતા મકાનના અંડરગ્રાઉન્ડ પાણી ભરેલ ટાંકીમાં પડી ગયો હતો. પરિવારે અંકિતસિંગની શોધખોળ હાથ ધરી હતી.

દરમિયાન આશરે દોઢેક કલાકની ભારે જહેમત બાદ અંકિતસિંગ પાણી ભરેલ ટાંકીમાંથી બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ગુરુવારે અધિકારીઓની મોટી-મોટી વાત બાદ શુક્રવારે ખજોદમાં ફરી આગ

મનપા દ્વારા અત્યાર સુધીમાં 30 લાખ લીટર કરતા પણ વધુ પાણીનો વપરાશ થઇ ગયો

સુરત : સુરત શહેરમાં ખજોદ ડમ્પિંગ સાઈડ પર આગ લાગી તેને 15 દિવસ જેટલો સમય થઈ ગયો છે તેમ છતાં પણ હજુ સુધી આગ સંપૂર્ણ કાબુમાં આવી નથી. છેલ્લા 15 દિવસ કરતા પણ વધુ સમયથી સુરત ફાયર બ્રિગેડ વિભાગની બેથી ત્રણ ગાડીઓ દ્વારા સતત પાણીનો મારો કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ગતરોજ અચાનક જ વધુ ધુમાડો નીકળવાની શરૂઆત થતાં ફાયર બ્રિગેડ વિભાગની આઠ જેટલી ગાડીઓનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવાયો છે.

ખજોદ ડમ્પિંગ સાઈડમાં લાગેલી આગ સંપૂર્ણ કાબુમાં આવવાનું નામ લેતી નથી. શરૂઆતના ત્રણ દિવસમાં ફાયર બ્રિગેડના જવાનો દ્વારા 24 લાખ લીટર પાણીનો છંટકાવ કર્યા બાદ પણ દરરોજ 50000 લીટરથી વધુ પાણીનો છંટકાવ કરવાનું ચાલુ રાખ્યું છે. 15 દિવસ કરતા પણ વધુ સમય થવા છતાં હજુ સુધી આગ સંપૂર્ણ કાબુમાં આવી નથી. ખજોદ ડમ્પિગ સાઈડમાં કચરામાંથી સતત ધુમાડો નીકળતો હોવાને કારણે ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા બે ગાડીઓ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે અને સતત પાણીનો મારો પણ ચાલુ રાખવામાં આવ્યો છે. આ દરમિયાન ગતરોજ સાંજે અચાનક ધુમાડો વધી ગયો હતો અને મોટા પ્રમાણમાં ધુમાડો નીકળવાની શરૂઆત થતા ફાયર બ્રિગેડ કન્ટ્રોલ વિભાગને જાણ કરવામાં આવતા ડુંભાલ, ડિંડોલી, કતારગામ, પાલનપુર, માનદરવાજા, સરથાણા અને મોટા વરાછા વિસ્તારમાંથી આઠ જેટલી ગાડીઓનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો છે. જોકે આજે સતત બીજા દિવસે પણ વધુ ધુમાડો નીકળતો હોવાને કારણે આઠ ફાયર સ્ટેશનની ગાડીઓના કાફલા દ્વારા સતત પાણીનો મારો ચાલુ રાખવામાં આવ્યો છે.

પાંડેસરા-બમરોલી રોડ નજીક કચરાના ઢગલામાં ભીષણ આગ

સુરત : પાંડેસરા બમરોલી રોડ પર આવેલા મિલન પોઈન્ટ નજીક આજે બપોરે ખુલ્લા મેદાનમાં પડેલા વેસ્ટેજ કચરાના ઢગલામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. મેદાનમાં મોટી માત્રામાં કચરો અને અન્ય જ્વલનશીલ મટીરિયલ પડેલું હોવાથી આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કાળા ધુમાડાના મોટા ગોટેગોટા આકાશમાં ફેલાતા દૂરથી પણ દેખાઈ રહ્યા હતા, જેના કારણે આસપાસના રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ મળતા જ ભેસ્તાન ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર સબ ઓફિસર પ્રગ્નેશ પટેલના જણાવ્યા મુજબ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જોકે, મેદાનમાં પડેલા મિશ્ર કચરાના કારણે આગ ઝડપથી ફેલાઈ હોવાનું પ્રાથમિક અંદાજ છે. ફાયર ફાઈટર ટીમે સતત પાણીનો મારો ચલાવી દોઢ કલાક સુધી ભારે જહેમત ઉઠાવી હતી. અંતે આગ પર સંપૂર્ણ કાબુ મેળવવામાં સફળતા મળી હતી. ત્યારબાદ કુલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેથી આગ ફરી સળગી ન ઊઠે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. આગ કેવી રીતે લાગી તે અંગે ફાયર વિભાગે તપાસ શરૂ કરી છે. સ્થાનિક રહેવાસીઓ દ્વારા ખુલ્લા મેદાનમાં સતત કચરો નખાતો હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે, જેના કારણે આગ જેવી ઘટનાઓ વારંવાર બનતી હોવાની શક્યતા ઉભી થઈ છે.

મહિલાનું પર્સ આંચકનારને સાત વર્ષની સજા

સુરતઃ ડોદરામાં રહેતાં ઉષાબેન સંજયભાઈ શેટ્ટી તા. ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ રિક્ષામાં કડોદરા જતાં હતા ત્યારે આરોપીઓ પર્સ ઝૂંટવી નાસી ગયા હતાં. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી મોહમદ તોસિફ ઉર્ફે ચરૂ મોહમદ ઝહુર શેખ (ઉ.વ-૨૦ રહે નવા કમેલા સંજયનગર લિંબાયત)ને સાત વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો જયારે આરોપી શેખ શાહરૂખ ઉર્ફે ગોલ્ડન શેખ નબીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિતીન ચોડવડીયાએ દલીલો કરી હતી.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સુરત સીટી રીજીયન-૨ : બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

શાખા સ્થળાંતર

ભીમપોર શાખા :-
આથી અમારા ગ્રાહકોને જણાવવાનું કે અમને **૩૦ દિવસ પછી અમારી બેંક ઓફ બરોડા, ભીમપોર શાખા :** મોટા બજાર, ભીમપોર, સુરત ને વધુ સારી સેવા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યા સાથે નવા સ્થળ પર સ્થળાંતર થઈ રહ્યું છે. જેનું **નવું સરનામું : ઘર નંબર ૧૯૮, ભીમપોર બસ સ્ટોપની સામે, સુલતાનાબાદ, ભીમપોર ગામ, તા. ચોર્યાસી, જી.સુરત -૩૯૫૫૫૦ છે.**
Email ID : PE.ROSURATCITY2@BANKOFBARODA.COM/ BHIMPO@BANKOFBARODA.CO.IN

મેડિકલ કોલેજ શાખા :-
આથી અમારા ગ્રાહકોને જણાવવાનું કે અમને **૩૦ દિવસ પછી અમારી બેંક ઓફ બરોડા, મેડિકલ કોલેજ શાખા :** કે અને એલ વોર્ડ બિલ્ડીંગ, ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત -૩૯૫૦૦૧ ને વધુ સારી સેવા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યા સાથે નવા સ્થળ પર સ્થળાંતર થઈ રહ્યું છે. જેનું **નવું સરનામું : એમઆઈસીયુ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત -૩૯૫૦૦૧ છે.**
Email ID : PE.ROSURATCITY2@BANKOFBARODA.COM/ DBMEDI@BANKOFBARODA.CO.IN

તા. ૧૧/૦૪/૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત બેંક ઓફ બરોડા

केनरा बैंक Canara Bank A Govt. of India Undertaking / सिंडिकेट Syndicate

ગિરગામ શાખા, પી.બી. નંબર 3582, પ્રાર્થના સમાજ બિલ્ડીંગ, 160, રાજા રામ મોહન રોય રોડ, ગિરગામ, મુંબઈ-400004 ઇમેઇલઃ cb0204@canarabank.com

(સ્થાવર મિલકતો માટે હરાજી વેચાણ નોટિસ) વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6) ની જોગવાઈ સાથે વાંચતા. આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી છે, જેનો કન્સ્ટ્રક્ટીવ કબજો કેનેરા બેંકની ગિરગામ શાખાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ 29.04.2026 ના રોજ "As is where is", "As is what is", અને "Whatever there is" ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ દેવાદાર મેસર્સ દેવનંદન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, તેના ડાયરેક્ટર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતા નાગજીભાઈ પટેલ દ્વારા, અને જામીનદાર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ, શ્રીમતી સવિતા નાગજીભાઈ પટેલ અને મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડ પાસેથી, 09.04.2026 સુધીના રૂ. 8,82,66,977.34 (રૂપિયા આઠ કરોડ બ્યાંસી લાખ છાસઠ હજાર નવસો સિત્યોતેર અને પૈસા ચોત્રીસ ફક્ત) વત્તા 01.04.2026 થી વધુ વ્યાજ અને દાવા ખર્ચ અને અન્ય ચાર્જની વસૂલાત માટે કરવામાં આવશે.

સ્થાવર મિલકતની વિગત, અનામત કિંમત અને EMD રકમ નીચે મુજબ છેઃ (રકમ લાખમાં)

લોટ નં.	ક્રમ નં.	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂ.)	EMD
1	1	ઓફિસ નંબર 1A ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628	196.00 (RP for Sr no.1, 2, & 3 in one lot)	19.60
	2	ઓફિસ નંબર 1B ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે મેસર્સ હેતલ ડાયમંડ્સ તેના ભાગીદાર શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ દ્વારા ના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628		
	3	ઓફિસ નંબર 1C ના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પર, ક્ષેત્રફળ 131.80 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, શ્રીજી ચેમ્બરમાં સ્થિત 'શ્રીજી આર્કેડ' તરીકે જાણીતી ઈમારતમાં, ટાટા રોડ નંબર 1 અને 2 પર સ્થિત, ગિરગામ ડિવિઝન, શંકર શેઠ રોડ, મુંબઈ, જે જમીન સી.એસ. નંબર 8/1487 પર નિર્મિત છે, ગિરગામ ડિવિઝન, મુંબઈ શહેરના રજીસ્ટ્રેશન જિલ્લા મુંબઈ શહેરમાં, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેર મર્યાદામાં સ્થિત છે. જે શ્રી નાગજીભાઈ કાનજીભાઈ પટેલ (મેસર્સ શિલ્પા જેમ્સના ભાગીદાર) અને શ્રીમતી સવિતાબેન નાગજીભાઈ પટેલના નામે છે, CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400051892628.		
		નોંધઃ ઉપર દર્શાવેલ કોમર્શિયલ ઓફિસો 1A, 1B અને 1C એકસાથે જોડાયેલી છે.		
2	4	શોપ નંબર 103 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 314.57 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 18.55 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 6.03 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	7.00	0.70
3	5	શોપ નંબર G-19 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 408.60 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 23.81 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.74 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	14.80	1.48
4	6	શોપ નંબર G-24 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 6.87 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	13.50	1.35
5	7	શોપ નંબર 101 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 727.60 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 43.33 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 14.09 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	17.50	1.75
6	8	શોપ નંબર G-25 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 372.90 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 22.32 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.26 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	13.50	1.35
7	9	શોપ નંબર G-03 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 412.48 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 23.78 ચોરસ મીટર છે, ગ્રાઉન્ડ ફ્લોર પર, નીચેની જમીનમાં 7.73 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079557373	16.50	1.65
8	10	શોપ નંબર 303 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળ પર, નીચેની જમીનમાં 42.19 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	34.50	3.45
9	11	શોપ નંબર 303 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 2265.38 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 129.69 ચોરસ મીટર છે, ત્રીજા માળ પર, નીચેની જમીનમાં 42.19 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	23.90	2.39
10	12	શોપ નંબર 121 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.53 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 7.00 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1-10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	7.20	0.72
11	13	શોપ નંબર 206 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 476.65 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 28.21 ચોરસ મીટર છે, બીજા માળ પર, નીચેની જમીનમાં 9.17 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	8.60	0.86
12	14	શોપ નંબર 122 ના તમામ ભાગ અને પાર્સલ, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ 358.87 ચોરસ ફૂટ અને તેનો બિલ્ટ અપ એરિયા 21.13 ચોરસ મીટર છે, પ્રથમ માળ પર, નીચેની જમીનમાં 7.00 ચોરસ મીટરના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, જે 'માર્વેલ પ્લાઝા' તરીકે જાણીતું લો-રાઇઝ શોપિંગ કોમ્પ્લેક્સ છે, જે પ્લોટ નંબર 1 થી 10 જમીન પર નિર્મિત છે, ક્ષેત્રફળ 1021.7 ચોરસ મીટર જે 1222.00 ચોરસ વાર જેટલું થાય છે અને KJP પછી બ્લોક નંબર 443/B-1 થી 443/B-5 તરીકે ઓળખાય છે, કુલ ક્ષેત્રફળ 286.85 ચોરસ મીટર 'શિવ આવાસ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી વિભાગ-2' માં, જે ગામ કામરેજ, સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો - કામરેજ, જિલ્લો - સુરત ના બ્લોક નંબર 443 અને 444 (રેવન્યુ સર્વે નંબર 476 અને 477) પર સ્થિત છે. જે મેસર્સ શ્રીજી જેમ્સ લિમિટેડના નામે છે. CERSAI સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ID: 400079559950	7.20	0.72

અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) 29.04.2026 ના રોજ સવારે 9.30 AM પહેલા અથવા તે સમયે જમા કરાવવાની રહેશે.
મિલકતનું નિરીક્ષણ અધિકૃત અધિકારી સાથે પૂર્વ એપોઇન્ટમેન્ટ લઈને 24.04.2026 ના રોજ કેનેરા બેંક ગિરગામ શાખામાં સવારે 11.00 am થી સાંજના 4.00 pm વચ્ચે કરી શકાય છે.
બેંકની જાણકારી મુજબ ઉપરોક્ત મિલકત પર કોઈ જાણીતા બોજા (encumbrances) નથી. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને કોમન વેબ પોર્ટલ મેસર્સ PSB Alliance (Baanknet) માં આપેલી લિંક "E-Auction" જુઓ, સંપર્ક નંબરઃ 8291220220, 7046612345, 6354910172, 9892219848, 8160205051, ઇમેઇલઃ supportBAANKNET@psballiance.com. અથવા વેબસાઇટ https://baanknet.com/, અથવા કેનેરા બેંકની વેબસાઇટ www.canarabank.com જુઓ, અથવા કોઈપણ કામકાજના દિવસે ઓફિસ કલાકો દરમિયાન મેનેજર કેનેરા બેંક ગિરગામ શાખાનો 8169845618/ 9410316322/ 8655918379/ 8527092652 પર સંપર્ક કરી શકો છો.

સહી/-
તારીખઃ 09.04.2026 અધિકૃત અધિકારી,
સ્થળઃ મુંબઈ કેનેરા બેંક